MGVCL

મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ,
સરદાર પટેલ વિદ્યુત ભવન, રેસકોર્સ, વડોદરા –૩૯૦૦૦૭.
CIN :U40102GJ2003SGC042907
ફેક્સ નં. (૦૨૬૫) ૨૩૨૩૩૬૩,(૦૨૬૫) ૨૩૩૭૯૧૮,૨૩૩૮૧૬૪
ફોન નં. (૦૨૬૫) ૨૩૩૦૩૫૦
ઈમેઈલ : cetech.mgvcl@gebmail.com
ઈમેઈલ : ceproj.mgvcl@gebmail.com

G20 भारत 2023 INDIA

## ❖ ઘરવપરાશ નાં વીજ જોડાણો :

## ❖ ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજનાના હેઠળ ઘરવપરાશ નાં વીજજોડાણ અંગેની રૂપરેખા :

રાજ્યના ગરીબ તેમજ બીપીએલ લાભાર્થીઓના ઉત્કર્ષ માટે ઘર વપરાશના વીજજોડાણો વીના મુલ્યે આપવા રાજ્ય સરકારશ્રી ધ્વારા ઝુપંડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત નાંણાકીય સહાય ગ્રાન્ટ રૂપે સમાવિષ્ટ કરી લેવામાં આવે છે.

૧. રાજયના કોઈ પણ વિસ્તારમા આવેલા તમામ જાતિના અને ગ્રામ્ય વિકાસ વિભાગની વેબસાઇટ www..ruraldev.gujarat.gov.in ઉપર દર્શાવેલ કોમન લિસ્ટ પર ઉપલબ્ધ બીપીએલ લાભાર્થીઓ અને ગરીબ કુટુંબો કે જેઓની મહત્તમ વાર્ષિક આવક રૂ. ૧,૨૦,૦૦૦/- ગ્રામ્ય અને રૂા. ૧,૫૦,૦૦૦ /- શહેરી વિસ્તાર - હોય તેઓને વીજળીકરણની સુવિધાથી આવરી લેવામાં આવશે. ઉપરાંત સરકારશ્રીની વિવિધ યોજનાઓ અંતર્ગત ફાળવવામા આવેલ આવાસોમાં રહેતા હોય તેવા બીપીએલ લાભાર્થીઓ અને ગરીબ કુટુબોની ઉપરોક્ત આવક મર્યાદા હેઠળ આવતા હોય તેઓને પણ ઝૂંપડા વીજળીકરણ યોજના હેઠળ આવરી લેવામાં આવે છે.

૨. સદર યોજના હેઠળ ગરીબ કુટુંબોને નિઃશુલ્ક ઘરવપરાશનું વિજજોડાણ આપવામાં આવે છે.

૩. ગ્રામ પંચાયતો / સરકારની / નગર પાલીકાની / મ્યુનિસિપલ કોર્પોરેશનની જમીન ઉપર આવેલ ઝૂંપડપટીને આ યોજના હેઠળ આવરી શકાશે. પરંતુ આવા ઝૂંપડાઓમા વીજળીકરણ મજૂર કરતા પહેલા વીજળીકરણની સુવિધાથી લાભાર્થી, જમીનની માલીકીની કાયદેસરતા સાબીત કરી શકશે નહિ.

૪. પોતાની ખાનગી માલીકીની જમીન પર જો લાભાર્થીએ ઝૂંપડુ બનાવેલ હોય તો એને સદર યોજનાનો લાભ મળી શકે. પરંતુ અન્યની જમીન પર ઉભા કરાયેલ ઝુપડામા આ યોજના હેઠળ વીજળીકરણ મંજૂર કરી શકાશે નહિ.

૫. જે ઝૂંપડાઓ સલામતીની દ્રષ્ટિએ વીજળીકરણ કરવા યોગ્ય હોય અને એની ઉંચાઈ સાત ફૂટ કરતા વધારે હોય એવા તમામ ઝુંપડાઓને આ યોજના હેઠળ વીજળીકરણમા આવરી લઇ શકાશે. મીટર રાખવાની વ્યવસ્થા એટલે કે લાકડાના બોર્ડ પર પાણી ન પડે એવી વ્યવસ્થા હોવી જરુરી છે. પરંતુ પ્લાસ્ટીક કે વાંસથી બનાવેલ કાચા - અડધા પાકા ઝૂંપડાઓને આ યોજનાનો લાભ મળી શકશે નહિ.

૬. જુથમા આવેલ ઝૂંપડાઓને અગ્રીમતાના ધોરણે લાભ આપવાનો થાય છે.

૭. સ્થાનિક કક્ષાએ તાલુકા પંચાયત / મ્યુનિસિપલીટી / નગર પાલીકાએ ઝૂંપડપટી વીજળીકરણ માટેની લાભાર્થીઓની યાદી તૈયાર કરી આનુસાંગીક વીજ કપનીઓને પુરી પાડવાની રહેશે.

૮. આ યોજના હેઠળ લાભાર્થીઓને કુટિર જયોતિ યોજનાની જેમજ એક પોઇન્ટ વાયરીંગ કરી, મીટર મૂકી, સીએફએલ બલ્બ સાથે વીજ જોડાણ આપવામા આવશે અને આ માટે ટેસ્ટ રીપોર્ટ આપવો જરુરી નથી. આ યોજના હેઠળ જરુર જણાય ત્યા નવી લાઈન કે ફીડરો નાખંવા કે ક્ષમતા વધારો કરી શકાય. સીસ્ટમ ઇમ્પ્રુવમેન્ટના કામો પણ કરી શકાશે.

૯. આ યોજના અંતર્ગત લાભાર્થીની યાદી ગ્રામ્ય વિસ્તાર માટે સમાજ કલ્યાણ વિભાગ ધ્વારા વીજ વિતરણ કંપનીઓને ઊપલબ્ધ કરવામાં આવે છે, જયારે શહેરી વિસ્તાર માટે યોજના અંતર્ગત લાભાર્થીની યાદી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ ધ્વારા આપવામાં આવે છે.